## (1) G-7 સમૂહ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ઔદ્યોગિકરણ થયેલ લોકશાહી દેશોનો સમૂહ છે.

(2) તેમાં ચીનનો સમાવેશ થતો નથી.

(3) આ સમૂહમાં દક્ષિણ અમેરિકા તથા આફ્રિકા ખંડમાંથી એકપણ સભ્ય નથી.

(4) રશિયા એક સમયે આ સમૂહનું સભ્ય હતું.

(A) માત્ર (1) અને (3)

(B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં G-7 દેશોની 46મી સમીટ વિડિયો કોન્ફરન્સ દ્વારા યોજવામાં આવી હતી.

⇛ G-7એ ઔદ્યોગિકરણ થયેલ લોકશાહી દેશનો સમૂહ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સમૂહના સભ્યો : ફ્રાંસ, જર્મની, ઈટાલી, યુનાઈટેડ કિંગડમ, જાપાન, યુ.એસ.એ. અને કેનેડા.

⇛ વિશ્વનો સૌથી વધુ વસતી ધરાવતો તથા બીજા નંબરનું અર્થતંત્ર ધરાવતો દેશ; ચીન આ સમૂહનો સભ્ય નથી. કારણ કે, તેની માથાદીઠ આવક હજુ ઘણી નીચી ગણવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સમૂહની સ્થાપના 1975માં થઈ હતી.

⇛ 1997માં રશિયા આ સમૂહ સાથે જોડાતાં તે થોડાં વર્ષો સુધી G8 તરીકે ઓળખાતું હતું પરંતુ 2014માં રશિયાને દૂર કરવામાં આવતાં તે ફરીથી G7 બન્યું. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સમૂહ વૈશ્વિક રાજનીતિ કે અર્થતંત્રની પરિસ્થિતિને ન દર્શાવતું હોવાથી ઘણી વખત તેની ટીકા કરવામાં આવે છે. ઉપરાંત આફ્રિકા, દક્ષિણ અમેરિકા તથા સમગ્ર દક્ષિણ ગોળાર્ધમાંથી તેમાં એક પણ સભ્ય નથી. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) પ્રધાનમંત્રી ઊજ્જવલા યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજનાનો ઉદ્દેશ ગરીબ પરિવારને LPG કનેક્શન પ્રદાન કરવાનો છે.

(2) આ યોજનામાં 8 કરોડ ગરીબ પરિવારોને લાભ આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

(3) આ યોજનાનો લાભ મેળવનાર લાભાર્થી BPL પરિવારમાંથી હોવો જોઈએ.

(4) આ યોજનાના લાભાર્થી તરીકે પરિવારની 18 વર્ષથી ઉપરની મહિલા હોવી જોઈએ.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ પ્રધાનમંત્રી ઊજ્જવલા યોજનામાં વર્તમાન સમયે 6.8 કરોડ મફત LPG સિલિન્ડરની વહેંચણી લાભાર્થીઓને કરવામાં આવેલી છે.

⇛ આ યોજનાનો ઉદ્દેશ ગરીબ પરિવારને LPG કનેકશન પ્રદાન કરવાનો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ અગાઉ આ યોજનાનું લક્ષ્ય 5 કરોડ પરિવારોને લાભ પહોંચાડવાનું હતું જેને વધારીને 8 કરોડ પરિવારોનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ યોજનાનો લાભ મેળવવાની લાયકાતો :

- લાભાર્થી ભારતની નાગરિક તથા 18 વર્ષથી મોટી વયની મહિલા હોવી જોઈએ. (આથી, વિધાન (4) સાચું છે.)
- લાભાર્થી BPL પરિવારનો હોવો જોઈએ. (આથી, વિધાન (3) સાચું છે.)
- ઘરમાંથી અન્ય કોઈ સભ્યના નામે LPG કનેકશન હોવું જોઈએ નહીં.
- રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી મર્યાદા કરતાં પરિવારની આવક વધુ હોવી જોઈએ નહીં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) મનરેગા યોજનામાં ગ્રામ પંચાયતના કાર્યોમાં નીચેનામાંથી શેનો સમાવેશ થાય છે ?**

(1) જોબ કાર્ડ ઈસ્યુ કરવા.

(2) નોંધણી માટેની અરજીઓ સ્વીકારવી.

(3) નોંધાયેલ અરજીઓનું વેરીફિકેશન કરવું.

(4) ગ્રામસભાના મનરેગાને લગતા કાર્યો પર દેખરેખ રાખવી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ મનરેગામાં ગ્રામ પંચાયતના કાર્યો :

- નોંધણી માટેની અરજીઓ સ્વીકારવી. (આથી, વિધાન (2) સાચું છે.)
- નોંધાયેલ અરજીઓનું વેરિફિકેશન કરવું. (આથી, વિધાન (3) સાચું છે.)
- ગામના પરિવારોની નોંધણી કરવી.
- જોબ કાર્ડ ઈસ્યુ કરવા. (આથી, વિધાન (1) સાચું છે.)
- કાર્ય માટેની નોંધણીઓ સ્વીકારી.
- ઉપરોકત નોંધણી માટે તારીખ મુજબની કાર્ય કરવાની રિસિપ્ટ આપવી.
- અરજી આવ્યાના 15 દિવસમાં કાર્ય સોંપવું.
- કાર્યની ઓળખ કરવી તથા તેના માટેનું પ્લાનીંગ કરવું.

⇛ મનરેગામાં ગ્રામસભાએ ગ્રામ પંચાયત દ્વારા થતાં કાર્યો પર નજર રાખે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) પશ્ચિમ ઘાટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ભારતના 5 રાજ્યોમાંથી પસાર થાય છે.

(2) પશ્ચિમ ઘાટમાં સૌથી ઊંચી સપાટી અનામુડીની પહાડીઓ છે.

(3) પશ્ચિમ ઘાટનું નિર્માણ હિમાલયની પહેલાં થયેલું છે.

(4) તેને યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળની યાદીમાં સ્થાન મળેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ પશ્ચિમ ઘાટ કે જેને સહ્યાદ્રી તરીકે પણ ઓળખવામાં આવે છે તે ભારતના 6 રાજ્યોમાંથી પસાર થાય છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ 6 રાજ્યોમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, તમિલનાડુ અને કેરળનો સમાવેશ થાય છે.

⇛ તેને યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં સ્થાન મળેલ છે ઉપરાંત તેનો વિશ્વના જૈવ વિવિધતાના 8 મૂખ્ય હોટ–સ્પોટમાં પણ સમાવેશ થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ પશ્ચિમ ઘાટ હિમાલય કરતાં પણ જૂના છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પશ્ચિમ ઘાટમાં અનામુડીની પહાડીઓ સૌથી ઊંચું સ્થળ છે જેની ટોચ સમુદ્ર સપાટીથી આશરે 2695 મીટર ઊંચી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) કુદનકુલમ પરમાણુ મથક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે ભારતનું સૌથી મોટું પરમાણુ મથક છે.

(2) તેની માલિકી તમિલનાડુ રાજ્ય સરકારની છે.

(3) તેનું સંચાલન NPCI (નેશનલ પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) દ્વારા કરવામાં આવે છે.

(4) તે ભારત અને ફ્રાંસનું સંયુક્ત પરાક્રમ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ કુદનકુલમ પરમાણુ મથક કે જે ભારતનું સૌથી મોટું પરમાણુ મથક છે તે તમિલનાડુના તિરુનાવેલી જિલ્લામાં આવેલું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેમાં વર્તમાન કેપેસિટી 2GWની છે તથા આયોજિત કેપેસિટી 6GWની છે.

⇛ તેની માલિકી તથા તેનું સંચાલન NPCI (નેશનલ પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા)ના હસ્તક છે. (આથી, વિધાન (2) ખોટું છે જ્યારે વિધાન (3) સાચું છે.)

⇛ તે ભારતનું પ્રથમ અને એકમાત્ર પરમાણુ મથક છે કે જે PWR ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

⇛ **PWR**નું પૂરું નામ **Pressurised Water Reactor** છે.

⇛ તે ભારત અને રશિયાનું સંયુકત પરાક્રમ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT